## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




બહેન, મોદીજીની બીજી ટર્મમાં કોઈ ખાસ ફેરફાર વગર પ્રધાનમંડળ રાખ્યું છે તેમ તમારે ડ્રેસ માપ રાખવું છે કે વિસ્તરણ કરવું છે...!!






આજે થરાદ વિધાનસભા મતવિભાગના ધારાસભ્ય શ્રી પરબતભાઈ પટેલ, ખેરાલુ વિધાનસભા મતવિભાગના ધારાસભ્ય શ્રી ભરતસિંહજી ડાભી, અમરાઈવાડી વિધાનસભા મતવિભાગના ધારાસભ્ય શ્રી હસમુખભાઈ પટેલ અને લુણાવાડા વિધાનસભા મતવિભાગના ધારાસભ્ય શ્રી રતનસિંહ રાઠોડ એમ મળી કુલ ચાર ધારાસભ્યો સંસદ સભ્ય તરીકે ચૂંટાતા વિધાનસભાના અધ્યક્ષ શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીને ધારાસભ્ય પદેથી રાજીનામું સુપ્રત કર્યું હતું તે વેળાની તસવીર.

# ગાંધીનગરના સ્કેટર્સે ૯૬ કલાકમાં ૧૦,૧૨૫ લેપ્સ સ્કેટીંગનો વિશ્વ વિક્રમ સર્જ્યો

ગાંધીનગર, તા. ૬

તાજેતરમાં તા. ૩૦મી મે થી તા. ૩જી જૂન દરમ્યાન કર્ણાટકના બેલગાવ મુકામે યોજોયલ સ્કેટીંગ સ્પર્ધામાં ગાંધીનરની બીએસકે-૮ ટીમે સળંગ ૯૬ કલાક સુધી સ્કેટીંગ કરીને વિશ્વ વિક્રમ સ્થાપ્યો છે. આ સાથે આ ટીમને વિવિધ ૮ રેકોર્ડ્સ બુકમાં પણ સ્થાન પ્રાપ્ત થયુ છે.

ગાંધીનગરની બીએસકે-૮ ટીમે કર્ણાટક ખાતે તા. ૨૬ અને



૨૭મી મે દરમ્યાન રાષ્ટ્રીયકક્ષાની સ્પર્ધામાં પણ ભાગ લીધો હતો. જેમાં અલગ અલગ વયજુથના ખેલાડીઓ સામેલ થયા હતા. આ સ્પર્ધામાં ૫૦૦ કિમી, ૧૦૦૦ કિમી અને ૧૫૦૦ કિમીની સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં પ્રિન્સી પટેલ અને અંશ પટેલે પ્રથમ સ્થાન જ્યારે પ્રત્યુશ જોષીએ દ્વિતિય સ્થાન પ્રાપ્ત કર્યુ છે. આ સાથે તા. ૩૦મી મે થી તા. ૩જી જૂન સુધી યોજાયેલી સ્પર્ધામાં કુલ ૩૦૮ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં ગાંધીનગરના ખેલાડીઓએ ૯૬ કલાકમાં કુલ ૧૦,૧૨૫ લેપ્સ સુધી સતત કેટીંગ કરી વિશ્વ વિક્રમ સ્થાપિત કર્યો છે. આ સાથે ટીમને ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સ, એશિયા બુક ઓફ રેકોર્ડ્સ, ઈન્ડિયન યંગ એચિવર બુક ઓફ રેકોર્ડ્સ, બેસ્ટ ઓફ ઈન્ડિયા રેકોર્ડ્સ, ગ્લોબલ રેકોર્ડ્સ, એશિયા પેસિફિક રેકોર્ડ્સ, નેશનલ રેકોડર્સ અને ચિલ્ડ્રન રેકોર્ડ્સ એમ કુલ ૮ રેકોર્ડ્સ બુકમાં સ્થાન મળ્યુ હોવાનો ટીમના કોચ ભાર્ગવ આયરે દાવો કર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે પ્રિન્સી પટેલ અને અંશ પટેલ સ્કૂલ ઓફ એચિવરના વિદ્યાર્થીઓ છે અને પ્રત્યુશ જોશી સેન્ટ ઝેવિયર્સ સ્કૂલનો વિદ્યાર્થી છે જેઓ તમામ સેન્ટ ઝેવિયર્સની સ્કેટીંગ રીંગમાં તાલીમ મેળવી રહ્યાં હતા.

## દૂધ માટે ખરીદ ભાવમાં પ્રતિ કિલો ફેટે ૧૦નો વધારો થયો

રાજયના પશુપાલકો માટે ફરી એકવાર સારા સમાચાર અમુલ તરફથી આવ્યા છે. અમુલ દ્વારા પશુપાલકોને ભેટ આપતાં દૂધનાં ખરીદ ભાવમાં નોંધનીય વધારો કરવામાં આવ્યો છે. અમુલે દૂધના ખરીદ ભાવમાં પ્રતિ કિલો ફેટે ૧૦ રૂપિયાનો વધારો કર્યો છે. ઉલ્લેખનીય છે કે, બે માસના ટૂંકા ગાળામાં જ અમુલ દ્વારા ચાર વખત ભાવ વધારો કરવામાં આવ્યો છે. જેના કારણે પશુપાલકોમાં ખુશીની લાગણી પ્રસરી ગઈ છે. અમુલ દ્વારા પશુપાલકોને ભેટ આપતાં દૂધના ખરીદ ભાવમાં પ્રતિ કિલો ફેટે ૧૦ રૂપિયાનો ભાવ વધારો કર્યો છે. હાલ પશુપાલકોને પ્રતિ કિલો ફેટે ૬૫૦ રૂપિયા મળે છે. જે હવે વધીને ૬૬૦ રૂપિયા કરાયો છે. શનિવારથી આ ભાવ વધારો પશુપાલકોને ચૂકવવામાં આવશે. અમુલ દ્વારા લાગુ કરાયેલો આ ભાવ વધારો આવતીકાલથી પશુપાલકોને ચૂકવવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, અમુલે માત્ર બે મહિનાના ટૂંકા ગાળામાં પ્રતિ કિલો ફેટમાં ચાર વખત ભાવ વધારો કર્યો છે.

## ચક્ષુદાન

ચક્ષુદાનને મહાદાન ગણવામાં આવે છે. ત્યારે શહેરના સે. ૭-ડીના રહેવાસી કૈલાશબેન ડાહ્યાલાલ રાવલનુ અવસાન થતા તેમના કુટુંબીજનની સંમતિથી ચક્ષુદાન કરવામાં આવ્યુ હતુ. આ કાર્ય માટે ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહાએ પ્રેરણા આપી હતી. ડૉ. વેલુ અને ડૉ. પ્રિયંકા તેમજ જુસિકાના કાર્યકર શુભમ શાહ તથા શની વાઘેલા દ્વારા ચક્ષુઓ લેવાની સેવા પુરી પાડવામાં આવી હતી. દીલીપભાઈ દંતાણી દ્વારા સ્વર્ગસ્થના ચક્ષુઓને સિવિલ હોસ્પિટલ અમદાવાદ ચક્ષુબેંક ખાતે લઈ જવાયા હતા.

# સ્થાનકવાસી જૈન સંઘ દ્વારા ટેલેન્ટ ઈવનીંગ અને હાસ્ય દરબાર કાર્યક્રમ યોજાયો




ગાંધીનગર, તા. ૬

સ્થાનકવાસી જૈન સંઘ દ્વારા ટેલેન્ટ ઈવનીંગ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સંઘના ૪૫ જેટલા બાળકો અને બહેનો દ્વારા વિવિધ ૧૬ જેટલા કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યા હતા. સાથે સાથે ડૉ. જગદીશ ત્રિવેદીનો હાસ્ય કાર્યક્રમ હસતા રહેજો રાજ યોજાયો હતો. સમાજના સભ્યોએ મોટી સંખ્યામાં ભાગ લઈ કાર્યક્રમની મજા માણી હતી.

ટેલેન્ટ ઈવનિંગ-૨૦૧૯ અને હસતા રહેજો રાજ કાર્યક્રમ સ્થાનકવાસી જૈન સંઘ દ્વારા યોજાયો હતો. જેમાં સંઘના સભ્યોના ૪૫ જેટલા બાળકો અને બહેનો દ્વારા વિવિધ ૧૬ જેટલા કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે રાજેન્દ્રરી શાહ, કલ્પેશ જાની અને પાર્થ શાહ ઉપસ્થિત રહ્યા હતા.



કાર્યક્રમમાં શહેરના જાણીતા મેગી રોકર્સ ડાન્સ કુના ૨૩ સભ્યોએ પણ ઉપસ્થિત રહી કાર્યક્રમની મજા માણી હતી. કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન અને આભારવિધિ પ્રમુખ આર.ડી. ગાંધી દ્વારા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વીણાબેન વોરા દ્વારા કરવામાં આવ્યુ હતુ. કાર્યક્રમમાં કોરીયોગ્રાફર તરીકે મીતી ભટ્ટ, ભૂમિ શૈવાલ શાહ તથા રશ્મિ પરમારે સેવા આપી હતી. સંઘના તમામ સભ્યોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમની મજા માણી હતી.

# સંગીની ફોરમ ગાંધીનગર દ્વારા માર્કેટ ડાયનામિક્સ એન્ડ ટાઈમ ટુ ઈન્વેસ્ટ સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૬

મહિલાઓ જ્યારે પગભર બની રહી છે ત્યારે રોકાણ માટેનું માર્ગદર્શન મળે તે અર્થે સંગીની ફોરમ ગાંધીનગર ડાયનામિક્સ એન્ડ ટાઈમ ટુ ઈન્વેસ્ટ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એસ.ઈ. કેપિટલ માર્કેટ્સ લી. અને ભાનુ સ્ટોકબ્રોકીંગ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ૧૨ જેટલી સંગીની બહેનોએ ભાગ લીધો હતો. શ્રેષ્ઠ ચાર વાનગી માટે પ્રોત્સાહન રૂપે ઈનામ આપવામાં આવ્યા હતા.



દ્વારા 'માર્કેટ ડાયનામિક્સ એન્ડ ટાઈમ ટુ ઈન્વેસ્ટ' સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. તથા કેરીની મોસમને ધ્યાનમાં લઈ ગ્રુપની બહેનો માટે કેરી, વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

જૈન સોશ્યલ ગ્રુપ ઈન્ટરનેશનલ ફેડરેશન ગુજરાત રીજીયન હેઠળની સંગીની ફોરમ ગાંધીનગર સંસ્થા દ્વારા માર્કેટ પ્રા.લી.નો સહયોગ રહ્યો હતો. કાર્યક્રમમાં દેવાંગભાઈ શેઠ, ભદ્રેશભાઈ શેઠ, પરાગભાઈ જૈન, ઉત્પલભાઈ ગાંધી, ભદ્રેનભાઈ દરજી અને અક્ષયભાઈ શાહ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કેરીની મોસમને ધ્યાનમાં લઈ ગ્રુપની બહેનો માટે કેરીની વાનગીની સ્પર્ધાનુ પણ જેમાં નિર્ણાયક તરીકે વિણાબેન વોરાએ સેવા આપી હતી.

સમગ્ર કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ જાગૃતિબેન સંઘવી અને નેહલ ટોલીયા, ઉપપ્રમુખ ભારતીબેન શાહ, સેક્રેટરી શિલ્પાબેન શાહ, સહમંત્રી મોનાબેન શેઠ, ખજાનચી તથા કારોબારી સભ્યો ભાવનાબેન શાહ સહિતની ટીમનો મુખ્ય ફાળો રહ્યો હતો.

# બ્રહ્માકુમારીઝ સંસ્થાના ગુજરાત ઝોનના મુખ્ય સંચાલિકા સરલાદીદીજીની ચિર વિદાય

ગાંધીનગર, તા. ૬

બ્રહ્માકુમારીઝ સંસ્થાના ગુજરાત ઝોનના મુખ્ય સંચાલિકા રાજયોગિની સરલાદીદીજીનું આજે બપોરે ૧૨.૧૦ કલાકે અમદાવાદ ખાતે અવસાન થયું છે. સરલાદીદીજીના પાર્થિવદેહને આવતીકાલે તા. ૭મી જૂન શુક્રવારના રોજ સવારે ૬ કલાકે અમદાવાદથી માઉન્ટઆબુ ખાતેના સંસ્થાના મુખ્યાલય ખાતે અંતિમ સંસ્કાર માટે લઈ જવાશે.



બ્રહ્માકુમારીઝ સંસ્થાના આદ્યસ્થાપક પ્રજાપિતા બ્રહ્મા દ્વારા ૫૦ વર્ષ પૂર્વે સરલાદીદીને ગુજરાતના વડા તરીકે નીમ્યાં હતા. પોતાના કાર્યકાળ દરમ્યાન સરલાદીદીજીએ ત્યાગ, તપસ્યા, સેવા અને સ્વયંના પ્રતિભાસંપન્ન વ્યક્તિત્વથી ગુજરાતમાં બ્રહ્માકુમારીઝ સંસ્થાનો વિકાસ કર્યો છે. સરલાદીદીજી બ્રહ્માકુમારીઝ સંસ્થાની માઉન્ટ આબુ ખાતેના મુખ્યાલય સ્થિત મધ્યસ્થ સંચાલન સમિતિના પણ સભ્ય હતા તેમજ સાયન્ટિસ્ટ અને એન્જિનીયરીંગ વીંગના રાષ્ટ્રિય અધ્યક્ષા હતા. સરલાદીદીજીએ દુનિયાના અનેક દેશોમાં પ્રવાસ કરીને રાજયોગ અને ભારતીય સંસ્કૃતિનો પ્રસાર કર્યો હતો. દીદીજીને ભિન્ન-ભિન્ન એવોર્ડ્સથી સન્માનવામાં આવી ચુક્યાં છે. દિવ્ય ગુણોના ચૈતન્ય ગુલદસ્તાથી સંપન્ન એવા સરલાદીદીજીના વ્યક્તિત્વની સુવાસ દેશ-વિદેશમાં પથરાયેલી હતી. તેમના દેહાંતને પગલે સમગ્ર બ્રહ્માકુમારીઝ સંસ્થામાં શોકની લાગણી પ્રસરવા પામી છે.

## મુખ્યમંત્રીની સરલાદીદીને શ્રધ્ધાંજલિ

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ બ્રહ્માકુમારીઝ ગુજરાત ઝોનના મુખ્ય સંચાલિકા રાજયોગિની સરલા દીદીના દુ:ખદ અવસાન અંગે ઘેરા શોકની લાગણી વ્યકત કરી શ્રધ્ધાંજલી પાઠવી છે.

મુખ્યમંત્રીશ્રીએ બી. કે. સરલા દીદીને શ્રધ્ધાંજલી પાઠવતા જણાવ્યું છે કે, ૫૦ વર્ષથી તેઓએ બ્રહ્માકુમારીઝ સંસ્થાના ગુજરાતના વડા તરીકે સેવાઓ આપીને ત્યાગ, તપસ્યા, સેવામય વ્યકિતત્વથી સંસ્થાના વિકાસમાં મહત્વનું યોગદાન આપ્યુ હતું.

વિજયભાઈ રૂપાણીએ રાજયોગિની સરલા દીદીએ અનેક દેશોમાં પ્રવાસ કરીને રાજયોગ અને ભારતીય સંસ્કૃતિના કરેલા પ્રસારની પણ સરાહના કરી છે. તેમણે સદગતને શોકાંજલી પાઠવતા સરલા દીદીના આત્માની પરમશાંતિ માટે પ્રભૂ પ્રાર્થના કરી છે.



## કડી સર્વ વિદ્યાલય સંચાલીત બાલમંદિરનો પ્રવેશોત્સવ ઉજવાયો

શાળાકીય સંસ્કૃતિની વિચારના આધારે બાળકોનુ ઘડતર અને શિક્ષણ ટકી રહે તે માટે બાલમંદિર પાયારૂપ છે. ત્યારે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત વી.એમ. પટેલ કુમાર અને એચ.વી. પટેલ કન્યા બાલમંદિરના બાળકોનો પ્રવેશોત્સવ ઉજવાયો હતો. જ્યા દરેક બાળકોને કો-ઓર્ડિનેટર કિરણબેન પટેલ, સુપરવાઈઝર મિનાક્ષીબેન અને આર.જી. પટેલ, ગર્લ્સ હાઈસ્કૂલના પ્રિન્સિપાલ ગીતેશભાઈ દ્વારા સરસ્વતીનુ પૂજન કરી તિલક કરી હાર્દિક શુભેચ્છા પાઠવવામાં આવી હતી અને બધા બાળકોને સ્માઈલ કાર્ડ આપી સ્વાગત કરવામાં આવ્યું હતુ.

# "એક માણસે આંબાને ગોળી મારી..!!!"

## વિશ્વ પર્યાવરણ દિવસે ગીર ફાઉન્ડેશન તથા ગાંધીનગર સાહિત્ય સભાના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ કવિ સંમેલન "વાયરો કરે વાત"માં સુપ્રસિદ્ધ કવિઓએ હૃદયસ્પર્શી રજૂઆત કરી

ગાંધીનગર, તા. ૬

"પંખી અને આકાશનો સીધો સવાલ છે, પૃથ્વી સમય, વાતાવરણ વચ્ચે ધમાલ છે, ક્યાં લાગણીના આંસુ ટપકે છે નગર નગર, દીવાસળી



સળગાવતા લોકો કમાલ છે." ગુજરાતનું રાજકીય પાટનગર અને સાહિત્ય સર્જનમાં પણ અગ્રેસર એવા "હરિયાળા" સાંસ્કૃતિક શહેર ગાંધીનગરની પાદરે વનરાજીની ગોદમાં આવેલા ગીર ફાઉન્ડેશનના સભાખંડ "સંવાદ હોલ" ખાતે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે સુવિખ્યાત કવિઓના કાવ્યગુંજનના સથવારે "વાયરાએ વાત" કરી હતી.

ગીર ફાઉન્ડેશન તથા ગાંધીનગર સાહિત્ય સભાના સંયુક્ત ઉપક્રમે વિશ્વ પર્યાવરણ દિવસ તા. ૫મી જૂને સાંજે યોજાયેલા "વાયરો કરે વાત" કવિસંમેલનમાં ગુજરાતના સુપ્રસિદ્ધ કવિઓ દલપત પઢિયાર, ભાગ્યેશ જહા, ડૉ. સતીન દેસાઈ "પરવેઝ", પ્રતાપસિંહ ડાભી "હાંકલ", જિગર ડક્કર, ભરત કવિ "ઉર્મિલ" અને નટવર હેડાઉ "વિહારી"એ પર્યાવરણને સાંકળી લેતાં કાવ્યો રજૂ કરી પોતાની હૃદયસ્પર્શી સંવેદના વ્યક્ત કરી હતી. ડૉ. સતીન દેસાઈ પરવેઝની ગઝલ "જે કૈ પચાવ્યું હોય તે એનો જ ઓડકાર છે, સાધૂ ગઝલની હેડકી હોંઠે ન વારંવાર લે." હોય કે મુશાયરના આખરી દૌરમાં કવિ ભાગ્યેશ જહાએ પ્રસ્તુત કરેલુ ગીત "ઝાડ ઉભુ છે જાંબુનુ" હોય શ્રોતાઓએ સર્જકોની તમામ કૃતિઓને રસતરબોળ થઈને અંત





સુધી ખીચોખીચ ભરેલા હોલ સાથે માણી હતી અને તાળીઓના ગડગડાટથી વધાવી હતી. ભાગ્યેશ જહાએ કરેલી ભાવાત્મક રજૂઆત "એક માણસે આંબાને ગોળી મારી અને આંબાનું એક અંગ લોખંડનુ થઈ ગયુ." સાંભળતા દ્રવી ઉઠેલા શ્રોતાઓને ભિખ્ખુ કવિ દ્વારા આભારદર્શન વ્યક્ત કરતી વખતે નાટ્યાત્મક શૈલીથી પ્રસ્તુત કરાયેલ વૃક્ષછેદનની વેદનાએ ગમગીન કરી દીધા હતા. કાર્યક્રમનું અત્યંત રસપ્રદ સંચાલુન કવિ શૈલેષ પંડ્યા "ભીનાશ" દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના સમાપને ગીર ફાઉન્ડેશનના પર્યાવરણ શિક્ષણના નાયબ નિયામક કે.સી. મહેતા દ્વારા તમામ કવિઓને "વાઈલ્ડ ફૌના ઓફ ગુજરાત" પુસ્તકની સ્મૃતિચિહ્ન રૂપ ભેટ આપી સન્માનવામાં આવ્યાં હતા. ગીરફાઉન્ડેશનના આલાપ પંડિત, હિતેષ રામી સહિતના અધિકારીઓ-કર્મચારીઓ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવવામાં આવી હતી.


**ટ્યુકડી જાહેર ખબર**

### વોક ઈન ઈન્ટરવ્યુ
### હંગામી/કરાર આધારિત ભરતી

સાંદીપની સ્કૂલ ઓફ એક્સેલન્સ, ગાંધીનગર

સાંદીપની સ્કૂલ ઓફ એક્સેલન્સ ખાતે અંગ્રેજી માધ્યમની સ્કૂલમાં ધોરણ- ૭ અને ૮ માટે હંગામી/કરાર આધારિત જગ્યાઓ માટે નીચે દર્શાવ્યા મુજબ કરાર આધારિત લેવાના છે.

| ક્રમ | જગ્યાનું નામ | લાયકાત |
|---|---|---|
| ૧ | ગણિત વિજ્ઞાન શિક્ષક | બી. એસસી. / એમ.એસસી અને બી.એડ. |
| ૨ | ભાષા- અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, સંસ્કૃત | બી.એ./એમ.એ. અને બી. એડ. |
| ૩ | સામાજીક વિજ્ઞાન શિક્ષક | સામાજીક વિજ્ઞાનના કોઈપણ વિષય સાથે બી.એ./એમ.એ. અને બી.એડ. |
| ૪ | સંગીત શિક્ષક | બી.પી.એ./એમ.પી.એ. |

ઈન્ટરવ્યુ તારીખ : ૦૯/૦૬/૨૦૧૯ (રવિવાર)
સમય : સવારે ૧૦.૦૦ કલાકે
સ્થળ : ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન, મહાત્મા મંદિર પાસે, ખ રોડ, સેક્ટર- ૧૫, ગાંધીનગર

### ટ્યૂકડી જાહેર ખબર

**પ્રિન્ટર કાર્ટીઝ રીફીલીંગ તથા રીપેરીંગ કરી આપવાની સેવા પુરી પાડવા અંગે**

નિયામક, અનુસુચિત જાતિ કલ્યાણ ખાતાની કચેરી ખાતે ઉપલબ્ધ પ્રિન્ટર એચ.પી. એમ૨૦૨ડીડબલ્યુ, એચ.પી.૧૦૨૯, સેમસંગ-૩૪૦૧, બ્રધર ડી.સી.પી.એ.૨૫૨૦૦ની કાર્ટીઝ રીફીલીંગ તથા રીપેરીંગ કચેરી ખાતે જ કરી આપવા માટેના ભાવો બંધ કવરમાં તા. ૧૩/૬/૨૦૧૯ના રોજ ૧૨.૦૦ કલાક સુધી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, બ્લોક નં.-૪, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર કચેરી ખાતે મોકલી આપવાના રહેશે. સમય મર્યાદા બહાર રજૂ થયેલ ભાવપત્રકો ગ્રાહ્ય લેવામાં આવશે નહીં.

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૭/૬/૨૦૧૯

સહી/-
નિયામક
અનુસુચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

માહિતી/૨૫૨/૧૯